વડીલોને વંદન અભિનંદન

મોહનભાઈ માધવલાલ પટેલ
(૧૯૪૧)ફોન: ૨૩૨૧૦૪૭૫

મહિલાબેન એચ. વોરા
(૧૯૫૧)ફોન: ૨૩૨૨૪૦૩૪

હરકાંતભાઈ એન. પંડિત
(૧૯૩૭)ફોન: ૨૩૨૨૭૪૭૯

શારદાબેન અનિલભાઈ પટેલ
(૧૯૪૮)મો.૯૯૭૮૯૮૧૬૧૭

શોભનાબા અર્જુનસિંહ વાઘેલા
(૧૯૫૧)મો.૯૪૨૮૨૧૭૫૪૮

વરિષ્ઠ પત્રકાર-લેખક ખુશવંતસિંગને મુખ્યમંત્રીશ્રીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વરિષ્ઠ પત્રકાર અને સુપ્રસિધ્ધ લેખક ખુશવંતસિંગના દુ:ખદ અવસાન અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી સદ્‌ગતના આત્માની પરમ શાંતિ માટે પ્રાર્થના કરી છે.


માછીમારી - અમદાવાદ સ્થિત રીવર ફ્રન્ટ ખાતે પાણીનો આવરો થતાંની સાથે જ માછલીઓ પણ પુસ્કળ પ્રમાણમાં આ પાણીમાં વિહરવા આવી પહોંચે છે... અમદાવાદ રીવર ફ્રન્ટની આસપાસ રહેતા માછીમારો હવે માછીમારીની કામગીરી કરી રહ્યા છે....

દાહોદ મહેસાણામાં ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે વિરોધ ઉઠ્યો

ગાંધીનગર, તા. ૨૦

ભાજપના ઉમેદવારોના નામો જાહેર થતાં જ કેટલાક સ્થળોએ વિરોધનો શૂર ઉઠવા પામ્યો છે અને નારાજ આગેવાનોએ રાજીનામા આપવાનો દોર શરૂ કર્યો છે.

ભાજપે ગઈકાલે ગુજરાતની ૨૧ બેઠકોના ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. ઉમેદવારોના નામો જાહેર થયા હતા જેમાં ભાવનગર લોકસભા બેઠક પર ધારાસભ્ય ભારતીબેન શિયાળને ટીકીટ આપવામાં આવતા ભાજપના આગેવાન અને પછાત વર્ગ વિકાસ નિગમના ઉપાધ્યક્ષ મનુભાઈ ચાવડાએ રાજીનામુ આપીને ભાવનગર બેઠક પરના ઉમેદવાર સામે વિરોધ વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત દાહોદ બેઠક પર પણ ભાજપે રાજ્યમંત્રી જશવંતસિંહ ભાભોરને ટીકીટ ફાળવતા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા

દાહોદમાં સોમજી ડામોરે રાજીનામુ આપ્યુ

આદિવાસી નેતા સોમજી ડામોરે નારાજગી વ્યક્ત કરીને રાજીનામુ આપી દીધુ છે અને ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે વિરોધ વ્યક્ત કર્યો હતો.

સુરેન્દ્રનગર લોકસભા બેઠક પર પણ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા દેવજી ફતેપુરાને ટીકીટ ફાળવવામાં આવતા સુરેન્દ્રનગર જિલ્લામાં ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં રોષ ઉઠવા પામ્યો છે. અને પક્ષના સત્તાવાર ઉમેદવાર સામે વિરોધ કર્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહેસાણાના વર્તમાન સાંસદ જયશ્રીબેન પટેલને રીપીટ કરવામાં આવતા કડવા પટેલ સમાજમાં વિરોધ ઉઠવા પામ્યો છે અને ભાજપ નેતાગીરી સમક્ષ આ અંગે રજુઆત કરીને ઉમેદવાર બદલવા માટે માંગણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ઘરઘાટી રાખવા અંગે પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે

અમદાવાદ, તા.૨૦

ઘરઘાટી રાખવાના સંદર્ભમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં અગાઉથી જાણ કરવી પડશે. હાલમાં શહેરમાં બની રહેલા બનાવોને ધ્યાનમાં લઇને આ નિર્ણય કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાય સમયથી અમદાવાદ શહેરમાં બનેલ ચોરી, લૂંટ, ખૂન જેવા ગુનાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટીઓ જાહેર સુલેહ શાંતિને કેટલાંક માણસની જીંદગીની ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે. મહદઅંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુન્હો કરી જતાં રહેતા હોય છે અને તેઓ વિશે માલિક પાસે અગર પોલીસ પાસે માહિતી હોતી નથી પરિણામે તેઓને પકડવા મુશ્કેલભર્યું બને છે.

કચ્છ સરહદ પર માત્ર એક જ પોલીસ સ્ટેશન

અમદાવાદ,તા.૨૦

કોંગ્રેસના પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે આજે કહ્યું હતું કે, જામનગર અને કચ્છની સરહદ એ પાકિસ્તાનથી એકદમ નજીક આવેલી છે. આ દરિયાઈ વિસ્તાર દરિયાઈ સુરક્ષા માટે અતિસંવેદનશીલ છે. આમ છતાં આ અતિસંવેદનશીલ દરિયાઈ કિનારાની ૨૩૮ કિલોમીટરની કચ્છની સરહદ ઉપર માત્ર એક જ પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યુંછે. દરિયાઈ સુરક્ષાના ઓરીજીનલ પ્લાન માત્ર એક જ પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યું છે. દરિયાઈ સુરક્ષાના ઓરીજીનલ પ્લાન મુજબના જરૂરીયાત મુજબના પોલીસ સ્ટેશનો કોઈ જ કારણ વગર બનાવવામાં આવ્યા નથી. હજીરા અને પીપાવવથી ડાયવર્ટ કરેલી બોટ મારફત અતિસંવેદનશીલ દરિયાકાંઠે બિલકુલ કવર થઈ શકતો નથી. તેજ રીતે જામનગર જીલ્લાના અતિસંવેદનશીલ દરિયાકાંઠા પર બે કોસ્ટલ પોલીસ સ્ટેશનના સ્તળ ગુજરાત સરકારે વ્યાજબી કારણ વગર બદલી નાખેલા છે. ભાટિયાનું કોસ્ટલ પોલીસ સ્ટેશન વાડીનાર ખાતે અને હર્ષદ માતાજીના મંદિર પાસેનું કોસ્ટલ પોલીસ સ્ટેશન આખો ખાતે ફેરવી નાખવામાં આવેલુંછે. જેના કારમે દ્વારાકધીશના મંદિરથી લઈને હર્ષદ માતાના મંદિર સુધીનો દરિયાકાંઠો કોઈપણ જાતના સુરક્ષાના પેટ્રોલિંગ વગરનો થઈ ગયેલો છે.

૮મી એપ્રિલથી એટીએમ પર હેક થવાનો ખતરો છે

એટીએમનો ઉપયોગ સાવધાનીથી કરવા સલાહ : દરેક બેંકને આરબીઆઈએ પણ સૂચના આપી : વાયરસ એટેક તથા હેકિંગથી એટીએમ ડેટાને નુકસાન થઈ શકે

અમદાવાદ, તા.૨૦

મહાકાય કંપની માઈક્રોસોફ્ટ તેની લોકપ્રિય વિન્ડોઝ એક્સપી ઓપરેટિંગ સિસ્ટમ માટેનો સપોર્ટ આઠમી એપ્રિલથી પરત ખેંચવાની તૈયારીમાં છે ત્યારે વિન્ડોઝ એક્સપીને મળતા વાઈરસ અપડેટ સિસ્ટમ પણ બંધ થઈ શકે છે. ભારતીય રિઝર્વ બેંકે પણ આ સંદર્ભમાં સાવધાની રાખવાની સૂચના આપી દીધી છે. દરેક બેંકોને આ સંદર્ભમાં સૂચના આપવામાં આવી છે.

રિઝર્વ બેંકે કહ્યું છે કે, વિન્ડોઝ એક્સપી માટે સપોર્ટ લેવલ બંધ થવાની સ્થિતિમાં ઓનલાઈન હેકિંગની દહેશત રહેલી છે. ખુબ જ લોકપ્રિય એવી એટીએમ સેવા ઉપર અસર થઈ શકે છે. માઈક્રોસોફ્ટે જાહેરાત કરી છે કે, તેના વિન્ડોઝ એક્સપી ઓપરેટિંગ સિસ્ટમમાં વાયરસ અપડેટની સિસ્ટમ બંધ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતમાં આશરે ૧૪૦૦૦૦થી વધુ એટીએમ શાખાઓ છે. વાયરસના હુમલાઓ માઈક્રોસોફ્ટના આ પગલાના કારણે તર્ક-વિતર્કોનો દોર શરૂ થયો છે. આ પગલાના કારણે વિશ્વના મોટાભાગના એટીએમ સહિત ઘણી બેંકિંગ સેવાને અસર થઈ શકે છે. એટીએમ પણ હેક થવાની શક્યતા રહેલી છે. અથવા તો હેકિંગથી એટીએમની સુરક્ષા સામે ખતરો ઉભો થઈ શકે છે. સાથે સાથે ગ્રાહકોના ડેટાની ચોરી પણ કરવામાં આવી શકે છે. વિન્ડોઝ એક્સપી ઓપરેટિંગ સિસ્ટમને લઈ ચર્ચાઓનો દોર શરૂ થયો છે.

મોદીને ક્લીનચીટને પડકારતી અરજી પર ૧૧મીએ સુનાવણી

અમદાવાદ, તા.૨૦

ગુલબર્ગ સોસાયટી કોમી રમખાણ કેસમાં સીટ દ્વારા નરેન્દ્ર મોદી સહીત ૫૯ લોકોને ક્લીનચીટ આપતા મેટ્રોપોલીટન કોર્ટના ચુકાદાને ઝાકીયા જાફરીએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો જેની આજરોજ સુનાવણીમાં સમગ્ર કેસ મુદ્દે રાજ્ય સરકાર દ્વારા જવાબ રજુ કરવા સમય મંગાતા પીટીશનની સુનાવણી આગામી ૧૧મી એપ્રિલે સુધી મુલતવી રાખવામાં આવી છે. વર્ષ ૨૦૦૨માં થયેલ ગુલબર્ગ સોસાયટી નરસંહાર કેસની તપાસ અર્થે સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી હતી. સીટે ગુલબર્ગ સોસાયટી નરસંહાર કેસમાં નરેન્દ્ર મોદી સહીત અન્ય લોકોને ક્લીનચીટ આપી તપાસ રીપોર્ટ સબમીટ કર્યો હતો. પણ ગુલબર્ગ નરસંહારમાં ભોગ બનેલ પીડીતા ઝાકીયા જાફરીએ સીટની તપાસને પડકારી હતી અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહીત અન્યો સામે ગુનાહિત ષડયંત્ર, હત્યા કરવા ઉશ્કેરણી, દુષ્કર્મ, પુરાવા સાથે ચેડા અને ગૃહવિભાગના મહત્વના દસ્તાવેજોના નાશ સહિતના આરોપો સાથેની પ્રોસ્ટેટ પીટીશન મેટ્રો કોર્ટમાં દાખલ કરી હતી. પરંતુ મેટ્રો કોર્ટે ઝાકીયા જાફરીની પ્રોટેસ્ટ પીટીશનને ફગાવી દઈ સીટના રીપોર્ટને માન્ય રાખ્યો હતો. ઝાકીયા જાફરીએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી ૫૪૦ પાનાની પીટીશનમાં ઉલ્લેખ કર્યો છે કે સીટે એપ્રિલ-૨૦૧૨માં આપેલા ક્લોઝર રીપોર્ટને રદ કરવો જોઈએ. ઉપરાંત પુરાવા પરથી આરોપીઓની આ ગુનામાં સીધી સંડોવણી હોવાનું પ્રથમ દર્શનીય રીતે હોવા છતાં કોર્ટે તે ધ્યાને લીધું ન હોવાની દલીલ પણ કરાઈ છે. તેમજ તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ થયેલ મીટીંગમાં સસ્પેન્ડેડ આઈપીએસ સંજીવ ભટ્ટ કે હરેન પંડ્યાની હાજરી હોવાનું સ્વીકારવાનો મેટ્રો કોર્ટે ભૂલ કરી છે. કોર્ટે ત્રણ પોલીસ ઓફીસર રાહુલ શર્મા, સંજીવ ભટ્ટ અને આરબી શ્રીકુમારે પોતાના નિવેદનો આપ્યા હતા જેનાથી ગુનાહિત ષડયંત્ર હોવાનું સ્પષ્ટ થઈ શકે એમ છે. કોર્ટે પુરાવાની મુલ્યાકંન કરવાની જરૂર હતી. સીટે સ્વતંત્ર અને તટસ્થ તપાસ કરી નથી. ઉપરાંત વધુ તપાસની જરૂર છે ત્યાં પૂરતા પુરાવા રેકર્ડ પર નથી તેવું સીટે જણાવ્યું છે.

ગુજરાતના દરિયાકાંઠા ઉપર સુરક્ષાને લઇ ભારે બેદરકારી

૨૧ કોસ્ટલ ચેકપોસ્ટ પૈકીના એક પણ ઓપરેશનલ નથી

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ દ્વારા ધડાકો

અમદાવાદ, તા.૨૦

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે રાષ્ટ્રની સુરક્ષા રાજકારણથી ઉપર કોંગ્રેસ પક્ષે હંમેશા ગણી છે. રાષ્ટ્રની સુરક્ષા સામે અતિગંભીર ક્ષતિઓ ન છુટકે પ્રેસ અને મીડિયા સમક્ષ જાહેર કરવી પડી રહી છે. રાષ્ટ્રની સુરક્ષા માટેની અતિગંભીર પરિસ્થિતિ અંગે ગુજરાતના મુખ્યમંત્રીનું ધ્યાન દોરીને તે અંગેની બાબતોને અત્યંત ખાનગી રાખી હતી. ગુજરાતના મુખ્યમંત્રી તરફથી અપાયેલી સમય મર્યાદામાં કોઈ જ જવાબ ન મળ્યો ત્યારબાદ અઠવાડિયા પછી રાષ્ટ્રના હિતમાં ના છુટકે ગુજરાતની સરહદ પર સુરક્ષામાં રાખવામાં આવેલી અતિગંભીર ક્ષતિઓ અંગે પ્રેસ અને મીડિયાનું ધ્યાન આકર્ષિત કરવાની ફરજ પડી છે. ગુજરાત રાજ્ય પાકિસ્તાનની સરહદથી એકદમ નજીક આવેલું રાજ્ય છે. ગુજરાતને ૧૬૪૦ કિલોમીટરનો દરિયાકાંઠે ૧૩ જિલ્લાઓને સ્પર્શે તો આવેલો છે. સૌથી લાંબો દરિયાકિનારે ધરાવતા ગુજરાત રાજ્યની તદન નજીક પાકિસ્તાનની સરહદ આવેલી છે. આ કારણોસર રાષ્ટ્રની સુરક્ષા માટે અને આતંકવાદી પ્રવૃત્તિ તથા ગુનાહિત પ્રવૃત્તિને રોકવા માટે સજજ દરિયાઈ સુરક્ષા ગુજરાતના કાંઠે અત્યંત જરૂરી છે. જીરોથી બાર નોટીકલ માઈલ સુધીના દરિયાકાંઠાની સુરક્ષા રાજ્યના પોલીસ દળ ઉપર હોય છે. મુંબઈમાં આંતકવાદીઓ વર્ષ ૨૦૦૮માં આવ્યા તે ગુજરાતના પોરબંદરની કુબેર બોટ પડાવીને આવ્યા હતા. દરિયાકાંઠાની આ સુરક્ષા માટે ભારત સરકારે અત્યંત ગંભીરતાપૂર્ણ રીતે કોસ્ટલ સિક્યુરીટી સ્કીમ (દરિયાઈ સુરક્ષા યોજના) ૨૦૦૫માં બનાવીને ભારત સરકારના ગૃહ મંત્રાલયે ગુજરાત રાજ્યને કરોડો રૂપિયાની સહાય પણ આપી છે.

કમનસીબે ગુજરાત સરકારે દરિયાઈ સુરક્ષાની સંપૂર્ણ અનદેખી કરી છે અને દરિયાઈ સુરક્ષા યોજનાના કામોને પૂર્ણ કરવાના બદલે બેજવાબદારી પૂર્ણ રીતે દરિયાકાંઠો ખુલ્લો મુકી દીધો છે. શક્તિસિંહ ગોહિલે દેશની સુરક્ષા માટે અત્યંત ગંભીર મુદ્દાઓ અંગે ચિન્તા વ્યક્ત કરીને ગુજરાતની દરિયાકાંઠાની સુરક્ષાની બેદરકારી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહી છે તેના આધારભૂત પુરાવા આપ્યા હતા.

તાલીમ આપવા તાકીદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્કવોડની કામગીરી અંગે પણ તેમણે વિગતો મેળવી હતી.

મળતી વિગતો પ્રમાણે વિડીયો સર્વેલન્સ ટીમ દ્વારા જિલ્લાના વિવિધ સ્થાનોએ યોજાયેલા જુદા જુદા કાર્યક્રમોની ૨૧ જેટલી કેસેટો જે આપી છે તેમાં આચારસંહિતા ભંગ થયો છે કે કેમ? પોલીટીકલ પાર્ટીના ખાતામાં ખર્ચ ઉધારવાનો થાય છે કે કેમ ? જેવી બાબતો ઝડપથી તારવી અને વિગતવાર અહેવાલ રજુ કરવા વીડીયો વ્યુઈંગ ટીમને આદેશ કર્યો હતો.

નબળી કામગીરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પૂર્ણ કરવામાં આવી હતી. જ્યારે માર્ચ મહિનાની શરૂઆતથી જ પાણી ગટરવેરો વસુલ કરવાની ઝુંબેશની શરૂઆત કરી દેવામાં આવી હતી. અંદાજિત ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી ૨.૨૫ કરોડનો વેરો વસુલવા હાથ ધરાયેલી આ ઝુંબેશના અંતે નોંધપાત્ર વસુલાત જ થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. દસ ટકા જેટલા ગ્રાહકોને વેરાના બીલ ન મળ્યા હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. જ્યારે જુના બીલની પાવતીના આધારે પણ વેરો સ્વીકારવા તંત્રએ તૈયારી દર્શાવી છે.

સેક્ટર-૩, સેક્ટર-૨૨ અને સેક્ટર-૨૪ ઈન્ક્વાયરી ઉપરાંત પાટનગર યોજના ભવન ખાતે પણ વેરો સ્વીકારવા કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. પરંતુ વેરા વસુલાત અન્વયે વળતર મેળવવા માટે માત્ર દસ દિવસ જ બાકી રહ્યા હોવા છતા જોડાણ ધારકોમાં કોઈ ઉત્સાહ જણાતો નથી. એકબાજુ વસુલાત ક્ષેત્રે જુના માંગણાની રકમ પણ ઘણી મોટી છે ત્યારે વસુલાત ઝુંબેશ પુરી થવાની છે તેવા સમયે નોંધપાત્ર કામગીરી પણ થી શકી નથી.

મોડેલ મતદાન મથક

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં મતદાર નોંધણીના બે તબક્કે યોજાયેલા અભિયાન દરમ્યાન ૧૩,૧૦૬ જેટલી અરજીઓ મળી છે આ ઉપરાંત ૩૦મી માર્ચ સુધી નોંધણીની કામગીરી ચાલવાની છે તેથી અરજીની ચકાસણી અને ડેટા એન્ટ્રી પણ સાથોસાથ કરવા માટેની સૂચના આપવામાં આવી હતી.

નિબંધ પુછાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓ માટે ભાષાનુ પેપર અત્યંત અઘરૂ પુરવાર થયું હતું. સ્કોર કરવા માટે અંગ્રેજીની કસોટી આકરી પુરવાર થઈ હોવાનો આક્રોશ વિદ્યાર્થીઓએ વ્યક્ત કર્યો હતો. પાર્ટ-બી માં ટ્રાફિકની સમસ્યા અંગે ટ્રેનિંગ સંદર્ભે વાર્તાલાપ, પોલીથીન અંગેનો ઉપયોગ, પ્રદૂષણ અંગેનો અહેવાલ પુછ્યો હતો. એટલું જ નહીં પરંતુ વર્તમાન સમયમાં વર્તમાન પત્રનું મહત્વ તેમજ તેની ઓપ્શનમાં રોલ ઓફ વુમેન ઈન મોર્ડન ટાઈમ જેવા અઘરા વિષયો અંગે નિબંધ લખવાનું વિદ્યાર્થીઓ માટે મુંઝવણરૂપ થયું હતું. એપ્લીકેશન પુછાતા ઘણા ખરા પરીક્ષાર્થીઓ ગોથે ચઢ્યા હતા. પાર્ટ-બીમાં ૨૭ ગુણના મોટા પ્રશ્નો અત્યંત મુશ્કેલ હોવાનું અનુભવતા વિદ્યાર્થીઓને અંગ્રેજીની પરીક્ષાએ રડાવી દીધા હતા.

હાલ બેવડી સિઝનના પગલે દર્દીઓથી ઉભરાતા દવાખાના

અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રી નોંધાયું પરંતુ આજે વધીને ૧૭ ડિગ્રી થવાની હવામાન ખાતાની આગાહી

અમદાવાદ,તા.૨૦

અમદાવાદ સહિત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે જેથી માસૂમ બાળકો અને મોટી વયના લોકો બિમારીઓનો શિકાર થઈ રહ્યા છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રી થઇ ગયું હતું જે આવતીકાલે વધીને ૧૭ ડિગ્રીની આસપાસ પહોંચે તેવી આગાહી સ્થાનિક હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગાંધીનગરમાં આજે લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી નોંધાયું જે રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન હોવાનું જાણવા મળ્યું છે. નીચલી સપાટી ઉપર સુખા પવનો ફૂંકાઈ રહ્યા છે. અમદાવાદ શહેરમાં ડબલ સિઝનના ઠંડક-ગરમીના રોગિષ્ઠ હવામાનને લઈને મચ્છરોની ઉત્પતિ વધી ગઈ છે. જેના લીધે ઘણા રોગ સપાટી ઉપર આવ્યા છે. આ ઉપરાંત ઝાડા, ઉલ્ટી, ઠમળો, વાયરલ તાવ અને શરદી-ખાસી, મેલેરિયાના દર્દીઓ વધી રહ્યા છે. અમદાવાદ શહેરમાં મોટા ભાગના વોર્ડમાં વિવિધ રોગોનો રોગચાળો પીવાના પાણીમાં પોલ્યુશન આવવા તથા ઉઘાડા અને વાસી ખાદ્ય પદાર્થો ખાવાને કારણે વિવિધ રોગચાળો જોવા મળી રહ્યો છે.

રક્ષાશક્તિ પેપર લીક કેસમાં ખુશાલી પંડ્યાની અટકાયત

ભરતી પ્રક્રિયામાં શંકા બાદ તપાસ કરતા કાઈમ બ્રાંચને પ્રાથમિક સફળતા

અમદાવાદ, તા.૨૦

રક્ષાશક્તિ યુનિવર્સિટીની કારકુનની ભરતીના પેપર લીક મામલે અગાઉ કાઈમબ્રાન્ચે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. ત્યારબાદ આ મામલાની મહિલા આરોપી ખુશાલી વિક્રાંતની પણ ધરપકડ કરાઈ છે. ખુશાલી વિક્રાંત પંડ્યાએ કારકુનની ભરતીની લેખીત પરીક્ષામાં ૧૦૦માંથી ૯૨ ગુણ મેળવ્યા હતા જ્યારે ઈન્ટરવ્યૂમાં ગુણ મેળવતા પેપર લીક થયા હોવાનો મામલો સપાટી પર આવ્યો હતો. જેના આધારે પસંદગી સમિતીને શંકા જતા કાઈમબ્રાન્ચને આ મામલાની તપાસ સોંપાઈ હતી. અમદાવાદ કાઈમબ્રાંચે આ મામલાના આરોપી નિહાલ ઉર્ફેબંટી, સુરેશ શિવાજી વાઘેલા, પારસકુમાર મનહરભાઈ સાંથલકર અગાઉને પકડી પાડ્યા હતા ત્યારબાદ ગત મોડી સાંજે આરોપી ખુશાલી વિક્રાંત પંડ્યાની તેના ઘરેથી ધરપકડ થઈ હતી. ખુશાલી વિક્રાંત પંડ્યા પરણિત છે તેમજ તે ખાનગી કંપનીમાં ટેલિકોલર તરીકે કામ કરે છે. કાઈમબ્રાન્ચને તપાસ દરમ્યાન પેપર છાપકામ દરમ્યાન લીક થયાનું જણાતા તેના આધારે છાપકામ સાથે સંકળાયેલા ત્રણ કર્મચારીની ધરપકડ કરી હતી. આરોપી પારસ અને પરીક્ષા આપનાર ખુશાલી એક જ ઓફીસમાં કામ કરતા હતા તે દરમ્યાન ખુશાલીએ પોતે કારકુનની પરીક્ષા આપવાની છે તેવી વાત કહી હતી. તેથી આરોપી પારસે રક્ષાશક્તિ યુનિવર્સિટી પેપર જે પ્રેરમાં છપાય છે ત્યાં નોકરી કરતા નિહાલ ઉર્ફે બંટીને પેપર આપવાની વાત કરી હતી. બાદમાં નિહાલે પોતાની સાથે નોકરી કરતા સુરેશ વાઘેલા મારફતે ઓફિસરના કોમ્પ્યુટરમાંથી પેપર ચોરી કરી પારસને ઈ-મેઈલ મારફતે મોકલ્યું હતું ત્યારબાદ પારસે આ ઈમેલ ખુશાલીને મોકલતા, ખુશાલીએ કારકુનની પરીક્ષામાં ૧૦૦માંથી ૯૨ માર્કસ મેળવ્યા હતા. જ્યારે ઈન્ટરવ્યૂમાં ૦ ગુણ મેળવતા સમગ્ર પેપર લીકનો ભાંડો ફુટ્યો હતો.

આજે જિલ્લા પંચાયતના વિકાસકામોની સમીક્ષા થશે

ગાંધીનગર, તા. ૨૦

આજે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાનના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિકાસ કામોને લઈ ખાસ સમીક્ષા બેઠક પંચાયતના અધિકારીઓ સાથે યોજવામાં આવી છે.

જિલ્લામાં ૧ ઉમા નાણાંપંચના વિકાસ કામો, પંચવટી, વિવિધ આવાસ યોજનાના અમલીકરણમાં થયેલ પ્રગતિ, આંતર માળખાકીય સુવિધાઓ સહિતના વિવિધ મુદ્દાઓ ઉપરાંત વેરા વસુલી બાબતે પણ આ બેઠકમાં ચર્ચા થનાર છે.

પંચાયત ભવનના સરદાર હોલમાં તમામ તાલુકા વિકાસ અધિકારીઓને આ સમીક્ષા બેઠકમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરવાનું રહેશે. આ બેઠક માટે પંચાયતના તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

શબ્દાવલી - ૫૩૪૩

૧	૨	૩	■	૪	૫		
૬						■	■
	■		■	૭		■	૮
■	૯	■	૧૦			■	
૧૧				■	■	૧૨	
૧૩		■	૧૪	૧૫	■	૧૬	
૧૭		■	૧૮			■	
■		■	૧૯		■	૨૦	

આડી ચાવી

૧. ખરૂં લોહું, ગજવેલ (૩)
૪. લસરપટ્ટી (૪)
૬. રૂપશ્રૃંગાર (૬)
૭. શરીર તપી જાય તેવો રોગ (૨)
૧૦. સહેલું (૩)
૧૧. સ્વાગત, આગતાસ્વાગતા (૪)
૧૨. વિજય (૨)
૧૩. કપટી, દ્વેંગુ (૨)
૧૪. મધ (૨)
૧૬. લાગવગ (૨)
૧૭. માણસ, પુરૂષ (૨)
૧૮. નક્કી, કાબુમાં રાખેલ (૩)
૧૯. જમરાજા (૨)
૨૦. પત્ર, કાગળ (૨)

ઊભી ચાવી

૧. વસ્ત્ર (૩)
૨. શરમ, લજ્જા (૨)
૩. ૧૦નો જથ્થો, દસકો (૩)
૪. સતત, એક ધારો (૪)
૫. એક શાક (૪)
૮. ખેલકૂદ (૬)
૯. છૂટું છવાયું, છૂટક (૫)
૧૦. વખાણ કરવા યોગ્ય (૫)
૧૧. વાળ કાપવાની દુકાન (૩)
૧૨. આત્મા, સજીવ (૨)
૧૫. કાયદો, નક્કી (૩)

શબ્દાવલી ૫૩૪૨ના જવાબ

આડી ચાવી :- (૧) લટકમટક (૬) લપડાક (૭) પર (૮) નાલા (૯) સરફરોશ (૧૦) બારૂદ (૧૧) કાજી (૧૩) ગપ (૧૫) રકાસ (૧૭) તજ (૧૮) તરબતર (૨૦) રોફ (૨૧) રત (૨૨) ધણી

ઊભી ચાવી :- (૧) લલના (૨) ટપલાબાજી (૩) કડા (૪) મકસદ (૫) ફરશ (૭) પરોણાગત (૧૧) કાળો તરો (૧૨) કસરત (૧૪) પજવણી (૧૫) રબ (૧૬) રફ